# જામનગરના ધ્રોલ પાસે અકસ્માતમાં ચારના કરૂણ મોત

## ટાયર ફાટવાના કારણે કાર ડિવાઈડર કૂદીને મિનિ બસ સાથે ટકરાઈ ગઈ : રાજકોટનો પટેલ પરિવાર ભોગ બન્યો

અમદાવાદ, તા. ૨૮

જામનગરના ધ્રોલ પાસે કાર અને મિનિ બસ સામ સામે ટકરાઈ જતા ચારના કરૂણ મોત થયા હતા. અનેઅન્ય કેટલાક લોકો ઘાયલ થયા હતા. આ બનાવના કારણે સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચી ગઈ હતી. મૃત્યુ પામેલા તમામ લોકોની ઓળખ કરી લેવામાં આવી છે. અકસ્માતના કારણે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી સાથે સાથે તપાસ પણ હાથ ધરવામાં આવી હતી. મળેલી માહિતી મુજબ જામનગરના ધ્રોલ પાસે કાર અને મિનિ બસ વચ્ચે અકસ્માત થયો હતો. પોલીસે કહ્યુ છે કે જામનગર તાલુકાના વિભાપર ગામના પટેલ પરિવારની ત્રણ મહિલા અને મિનિ બસના ચાલકના મોત નિપજ્યા હતા. રાજકોટ તરફ જતી કારનું આગળનું ટાયર ફાટતા કાર ડિવાઈડર કૂદી મિનિ બસ સાથે ધડાકાભેર અથડાઈ હતી. જામનગર-રાજકોટ ધોરી માર્ગ વધુ એક વાર મરણચીસોથી ધ્રુજી ઉઠ્યો હતો. જામનગર તાલુકાના વિભાપર ગામનો પટેલ પરિવાર શુક્રવારે સવારે જી.જે. ૧૦ એ.સી. ૪૫૮ નંબરની કારમાં બેસી રાજકોટ તરફ જતો હતો ત્યારે આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ચાલકે કાબુ ગુમાવતા કાર ડિવાઈડર ઓળંગી રાજકોટથી જામનગર આવતી જી.જે. ૩ ડબલ્યુ ૯૬૦૮ નંબરની મિનીબસ સાથે ધડાકાભેર અથડાઈ હતી. જેમાં કારમાં સવાર વિભાપર ગામના પાર્વતીબેન કરમસીભાઈ સંઘાણી (ઉ.૭૦), સુધાબેન પ્રકાશભાઈ અકબરી (ઉ.૩૫), વિજયાબેન રમેશભાઈ અકબરી (ઉ.૫૦) અને બસ ચાલક જેન્તીભાઈ રત્નાભાઈ પરમાર (ઉ. ૪૩)ને ગંભીર ઈજાઓ તથા કારચાલક પ્રકાશ રમેશભાઈ અકબરી તેમજ બસમાં સવાર નિશાબેન મુકેશભાઈ, પુજાબેન નિકુંજ, રંજન લલિત અકબરીને ઓછી વત્તી ઈજાઓ સાથે સ્થાનિક હોસ્પિટલમાં ખસેડાયા હતા.

# ભાજપના જેઠા ભરવાડની ધરપકડ

## આગોતરા જામીન અરજી કોર્ટ દ્વારા નામંજુર કરી દેવામાં આવતા જેઠા ભરવાડની ગોધરા એલસીબી દ્વારા ધરપકડ

અમદાવાદ, તા. ૨૮

ગુજરાત વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કાના મતદાન દરમિયાન પંચમહાલ શહેરા નજીક આવેલા તરસંગ ગામે થયેલા ગોળીબાર કેસમાં ભાજપના ધારાસભ્ય જેઠા ભરવાડની ધરપકડ કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર તરસંગ ફાયરિંગ કેસમાં જેઠા ભરવાડે કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. જે કોર્ટ દ્વારા નામંજૂર કરી દેવામાં આવતા જેઠા ભરવાડની ગોધરા એલસીબી પોલીસે ધરપકડ કરી તેમને એલસીબી કચેરી ગોધરા ખાતે લઈ જવાયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કાના મતદાનના દિવસે શહેરા તાલુકાના તરસંગ ગામે ભાજપના ઉમેદવાર જેઠાભાઈ ભરવાડ તથા કોંગી કાર્યકરો વચ્ચેની ચકમક બાદ ફાયરિંગની ઘટના બની હતી. જેમાં શહેરા પોલીસ મથકે બંને તરફે ફરિયાદો નોંધાવાઈ હતી. આ કેસની તપાસ એલસીબીને સોંપાઈ હતી.

દરમિયાન જેઠાભાઈ ભરવાડ દ્વારા ગોધરા કોર્ટના ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ સમક્ષ આગોતરા જામીન અરજી મુકાઈ હતી. જેની સુનાવણી શુક્રવાર તા. ૨૮મીના રોજ યોજાઈ હતી. અને સુનાવણી



દરમિયાન જજ દ્વારા જેઠા ભરવાડની આગોતરા જામીનની અરજીને નામંજૂર કરી દેવામાં આવતા ભાજપના ધારાસભ્ય જેઠા ભરવાડની એલસીબી દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. ગુજરાત વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કાના મતદાન દરમિયાન પંચમહાલના શહેરા નજીક આવેલા તરસંગ ગામે થયેલા ગોળીબાર કેસમાં ભાજપના ધારાસભ્ય જેઠા ભરવાડની ધરપકડ કરવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર તરસંગ ફાયરિંગ કેસમાં જેઠા ભરવાડે કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. જે કોર્ટ દ્વારા નામંજૂર કરી દેવામાં આવતા જેઠા ભરવાડની ગોધરા એલસીબી પોલીસે ધરપકડ કરી તેમને એલસીબી કચેરી ગોધરા ખાતે લઈ જવાયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કાના મતદાનના દિવસે શહેરા તાલુકાના તરસંગ ગામે ભાજપના ઉમેદવાર જેઠાભાઈ ભરવાડ તથા કોંગી કાર્યકરો વચ્ચેની ચકમક બાદ ફાયરિંગની ઘટના બની હતી. જેમાં શહેરા પોલીસે મથકે બંને તરફે ફરિયાદો નોંધવાઈ હતી. આ કેસની તપાસ એલસીબીને સોંપાઈ હતી.

# સૌરાષ્ટ્રમાં પાણીની ગંભીર સમસ્યાથી લોકો મુશ્કેલીમાં

રાજકોટ, તા. ૨૮

સૌરાષ્ટ્રમાં પાણીની તીવ્ર તંગી પ્રવર્તી રહી છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આ મુદ્દો ચમક્યો હતો. પાણીની કટોકટીને વહેલી તકે ઉકેલવાની જરૂર થઈ ગઈ છે. કારણ કે લોકો પણ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. હવે રોષનું મોજું ફરી વળ્યું છે. આ પ્રદેશમાં આવેલા ૧૩૫ બંધ પૈકી તમામ બંધમાં માત્ર નવ ટકા પાણી જ રહી ગયું છે. ધાર્મિક શહેર વીરપુરમાં લોકોમાં નારાજગી પ્રવર્તી રહી છે. લોકો હવે તેમની નારાજગી બંધ મારફતે પણ વ્યક્ત કરી ચૂક્યા છે. વિધાનસભાની ચૂંટણી યોજાયા બાદ નવી સરકાર સૌરાષ્ટ્રમાં પાણીની કટોકટીને ઉકેલવાના પ્રયાસ કરશે તેવી નવી આશા દેખાઈ રહી છે. પરંતુ આને ઝડપથી ઉકેલવાની જરૂર દેખાઈ રહી છે. ભાજપના ગઢ સૌરાષ્ટ્રમાં ૧૩૫ બંધમાં ૯.૩૨ ટકા જ પાણી રહી ગયું છે જેથી મોટાભાગના શહેરો અને ગામોમાં પાણીની આવનાર દિવસોમાં વધુ તકલીફ ઊભી થશે. જામનગરને સૌથી માઠી અસર થઈ છે. કારણ કે રણજીત સાગર બંધમાં બિલકુલ પણ પાણી નથી. અહીં શુસ્ક જમીન દેખાઈ રહી છે.

**નવી સરકાર પાસેથી લોકોને આશા : મોટાભાગના બંધમાં પાણી નથી : લોકોને ઘણા દિવસોમાં પાણી મળી રહ્યું છે**

એક દશકમાં પ્રથમ વખત સૌરાષ્ટ્રમાં પાણીની ગંભીર તકલીફ ઊભી થઈ ગઈ છે. આ વર્ષે પ્રદેશમાં ખૂબ જ ઓછો વરસાદ નોંધાયો હતો જેથી બંધમાં પાણીની સપાટી વધી નથી. પીવાના પાણીના કોઈ અન્ય સ્થાનિક સોર્સ દેખાતા નથી જેથી દરરોજ ૩૦ ટેન્કરો માટે સરકારને રજૂઆત કરવામાં આવી ચૂકી છે પરંતુ માત્ર ૧૫ જ મંજૂર થયા છે. તમામ મોટા શહેરો નર્મદા, મહી જેવા પાણીના અન્ય સોર્સ ઉપર આધારિત થઈ ગયા છે. અધિકારીઓનું કહેવું છે કે બંધનું પાણી એક મહિનાથી વધુ સમય સુધી ચાલે તેવી સ્થિતિ નથી. રાજકોટ શહેરમાં આશરે ૧૪ લાખની વસ્તી છે જે નર્મદા ઉપર આધારિત છે. અજી, ન્યારી, ન્યારી-૨ આ તમામ બંધમાં પાણી નથી. બીજી બાજુ ભાદર-૧ બંધ જેતપુર માટે રિઝર્વ છે.

ગોંડલમાં મ્યુનિસિપલ દ્વારા દર સાત દિવસમાં પણી ઉપલબ્ધ કરાવવામાં આવે છે જ્યારે અમરેલીમાં ત્રણ દિવસમાં એક વખત પાણી મળે છે. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પહેલાથી જ પાણી કાપનો નિર્ણય લેવામાં આવ્યો છે. દર વૈકલ્પિક બીજા દીવસે ૨૦ મિનિટ પાણી આપવામાં આવે છે. આર એમ સીના અધિકારીઓનું કહેવું છે કે નર્મદામાંથી દરરોજ ૧૫૦ મિલિયન લીટર પાણીની જરૂર છે.

### મંગલાનંદજી મહારાજ ઋષિ પરંપરાની છત્રછાયા સમાન હતા : ચૂડાસમા

ભારત સાધુ સમાજના અધ્યક્ષ, સમસ્ત ગીતા મંદિરના અધ્યક્ષ અને અટલ અખાડાના મહામંડલેશ્વર ૧૦૦૮ મંગલાનંદજી મહારાજના દેહાવસાન બદલ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ડા દુઃખ અને આઘાતની લાગણી વ્યકત કરી છે. આજે શ્રી ચુડાસમાએ ગીતામંદિર, અમદાવાદ ખાતે મંગલાનંદજી મહારાજના પાર્થિવ દેહને રાજ્ય સરકાર વતી શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા. તેમણે શ્રધ્ધાંજલિ અર્પણ કરતા જણાવ્યું હતું કે મંગલાનંદજી મહારાજ ઋષિ પરંપરાની છત્રછાયા સમાન હતા. તેઓના સ્વર્ગવાસથી સમસ્ત સાધુ સમાજ અને ભારતીય સંસ્કૃતિએ સંતરત્ન ગુમાવ્યું છે.

## બાયડની એન.એચ. શાહ શાળા દ્વારા ગ્રાહક અધિકાર દિનની ઉજવણી કરાઈ

બાયડ, તા. ૨૮

સાબરકાંઠાના બાયડ તાલુકામાં સ્થિત એન.એચ. શાહ હાઈસ્કૂલના માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ તથા એન.એસ.એસ. યુનિટ દ્વારા રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસની ઉજવણીના ભાગરૂપે વિવિધ સ્પર્ધા તેમજ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિનની ઉજવણી સંદર્ભે શાળાના સંચાલકો દ્વારા વિવિધ સ્પર્ધા યોજાઈ હતી જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પ્રોત્સાહન ઈનામ મેળવ્યા હતા. વિવિધ સ્પર્ધાના અંતે વકતૃત્વ સ્પર્ધામાં વિમલ શેઠ, નિબંધ સ્પર્ધામાં દેવાંશી રાવળ પ્રથમ, માનવ પટેલ દ્વિતીય અને વિશ્વા ગાંધી તૃતીય તથા ચિત્ર સ્પર્ધામાં દિપ પટેલ પ્રથમ, ભકિત પટેલ દ્વિતીય અને દૃષ્ટિ દરજી તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા. જેને શાળાના આચાર્ય અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે દેવેન્દ્ર પટેલ, જેડી મિસ્ત્રી સહિત અનેક શિક્ષકો હાજર રહ્યા હતાં.

## શબ્દાવલી - ૪૯૩૫



| આડી ચાવી | | ઊભી ચાવી | |
|---|---|---|---|
| ૧. દિશાઓનું રક્ષણ કરનાર દેવ | (૪) | ૧. વાંધો | (૩) |
| ૩. દીકરો-દીકરી | (૩) | ૨. ઉપકાર | (૨) |
| ૫. એક હોવું તે | (૩) | ૩. દુઃખ, મુશ્કેલી | (૩) |
| ૬. મોકો | (૨) | ૪. રોટલા | (૨) |
| ૮. દુષ્કર, અઘરી | (૩) | ૫. કબૂલાત | (૪) |
| ૧૦. તલ ખંખેરી લીધા પછીના ડુંડા | (૪) | ૭. ખૂન, મારી નાખે તે | (૩) |
| ૧૧. શોધ, તપાસ | (૨) | ૮. પક્ષી-પંખી | (૩) |
| ૧૨. ઝાપટ, લાફો | (૨) | ૯. મુડી ધિરાણ કરવાથી મુડી અને... બંને મળે | (૨) |
| ૧૩. અવાજ, મુશ્કેલી, નડતર | (૪) | ૧૧. ખામી | (૨) |
| ૧૭. ઘવાયેલું | (૩) | ૧૨. ધોબી કપડાં ધોવે તે ઘાટ | (૪) |
| ૧૯. નૈયા, હોડી | (૨) | ૧૪. નકલ, છેતરપીંડી | (૪) |
| ૨૦. રેશમી કાપડની એક જાત | (૩) | ૧૫. ખેતર ખેડે તે સાધન | (૩) |
| ૨૧. તાલાવેલી | (૪) | ૧૬. સ્તર, ભૂમિ સમથળ જમીન | (૩) |
| | | ૧૮. કીર્તિ - પતાકા | (૨) |
| | | ૧૯. ડાન્સ | (૨) |

### શબ્દાવલી ૪૯૩૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) અંજામ (૩) અવાવરૂ (૬) રતન (૭) શમા (૮) લીમડો (૧૦) સમ (૧૨) કનક (૧૩) સાણસી (૧૬) તાલીમ (૧૮૦સંત (૧૯) હરફ (૨૧) દાદાગીરી (૨૩) કમળ (૨૪) રમત

**ઊભી ચાવી :-** (૧) અંજલી (૨) મરડો (૩) અનસન (૪) વશ (૫૦ રૂમાલ (૯) મસાણ (૧૧) મકર (૧૪) સીતાફળ (૧૫) વાંતરી (૧૭) મદાર (૧૮) સંગીત (૧૯) હક (૨૦) રમ (૨૨) દામ

## કોંગ્રેસના ૧૨૮મા સ્થાપના દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૮

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટીના ૧૨૮માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા મહાનગરપાલિકા ખાતે કેક કાપી ઉજવણીના કાર્યક્રમનું આયોજન બપોરે ૨.૦૦ કલાકે રાખવામાં આવેલ હતું.

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસના પ્રમુખશ્રી કેશુભાઈ પટેલ, ડે. મેયર યુસુફભાઈ પરમાર, પક્ષના નેતા શ્રી ચિમનભાઈ વિંઝુડા, નિશિતભાઈ વ્યાસ, માનાજી મારવાડી, અંકિત બારોટ, હર્ષ પંડયા, અશોક શ્રીમાળી, પીન્કીબેન આર. પટેલ, હિંમતલાલ મેકવાન તેમજ કોર્પોરેટરશ્રીઓ, મહિલા, યુવા સંગઠનના તમામ હોદ્દેદાર તેમજ કોંગ્રેસ પક્ષના તમામ સેલના કાર્યકરો અને નગરજનોએ ઉપસ્થિત રહી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમના ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસના પ્રમુખશ્રી મુકેશભાઈ પટેલે ઉદબોધનમાં જણાવેલ કે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ૧૨૮માં વર્ષના પ્રવેશ નિમિત્તે કોંગ્રેસ પાર્ટીના સંકલ્પ મુજબ આગળ વધવા તેમજ પાર્ટીને વધુ મજબુત બનાવવા માટે જણાવેલ હતું તેમ અમારી યાદીમાં જણાવેલ છે.

## અમદાવાદ શહેરમાં બે મહિલાઓનો આપઘાત

અમદાવાદ, તા. ૨૮

અમદાવાદના બાપુનગર અને નરોડા વિસ્તારમાં બે મહિલાએ આત્મહત્યા કરી જીવન ટૂંકાવવાના બનાવો પ્રકાશમાં આવ્યા છે.

પોલીસ સૂત્રોની માહિતી અનુસાર બાપુનગર વિસ્તારમાં રહેતી જશીબેન મનુભાઈ શાહે (ઉ.વ. ૫૧) બપોરના સમયે પોતાના ઘરે શરીર પર કેરોસીન છાંટી લીધું હતું. તેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં આજરોજ તેમનું મૃત્યુ થયું હતું. જશીબેન શાહ છેલ્લા ઘણા સમયથી માનસિક બિમારીથી પીડાતા હતા જેના કારણે તેમણે આવુ પગલું ભર્યું. બીજી તરફ નરોડા વિસ્તારમાં જ્યોત્સનાબેન રણજીતસિંહ ચૌહાણે (ઉ.વ. ૨૮) કોઈ અંગત કારણોસર પોતાના ઘરે સળગી ગયા જેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં આજરોજ સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. પોલીસે આ અંગે બંને બનાવો હેઠળ અકસ્માત મોત નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# લલીત કલા અકાદમી દ્વારા ૫૩મા રાજ્ય કલા સ્પર્ધાના વિજેતા જાહેર કરાયા

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી, અમદાવાદ દ્વારા ૫૩મા રાજ્ય કલા સ્પર્ધાના વિજેતા સ્પર્ધકોની યાદી જાહેર કરવામાં આવી છે.

અકાદમી દ્વારા કલાકાર વિભાગ અને કલા સંસ્થા વિભાગ એમ બે વિભાગોમાં આ વિજેતા યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે.

ચિત્ર સ્પર્ધામાં કલાકાર વિભાગમાં અનુક્રમે મકવાણા જિજ્ઞેશ મહેન્દ્રભાઈ, મહેતા કિશોર કરૂણાશંકર, પટેલ હિરેન માણેકલાલ, શોએબ એ નરમાવાલા, સુથાર અરવિંદ હરિકૃષ્ણ, પટ્ટણી દિનેશ અંબાલાલ, રાયઠઠ્ઠા કોમલ આર. ખાન જમીલ અહેમદ, પટેલ રાકેશ જે.; આ જ સ્પર્ધામાં સંસ્થા વિભાગમાં ત્રિવેદી ક્રિષ્ણા જયેશભાઈ, રાઠોડ આદિત્ય વર્ધનસિંઘ, રાઠોડ જ્યોતિ ભગવાનજીભાઈ, ફુલવારીયા નરેશ લાલુભાઈનાં નામ વિજેતા તરીકે જાહેર કરવામાં આવ્યાં છે.

શિલ્પકલાની સ્પર્ધામાં કલાકાર વિભાગમાં પંચાલ હર્ષદકુમાર એન, સોમપુરા ચિંતન મુકેશભાઈ, ચૌહાણ મિનાક્ષી બી; કલાકાર વિભાગમાં ગજ્જર રજત રાહુલ, મિસ્ત્રી અંકિત મુકેશભાઈ તથા શ્રીમાળી ચન્દ્રસેનાનાં નામ વિજેતા તરીકે જાહેર કરવામાં આવ્યાં છે.

ગ્રાફિક કલાની સ્પર્ધામાં કલાકાર વિભાગમાં સુભ્રતકુમાર બેહેરા, સુલા પોસી પ્રસાદ અને ફટાણીયા ઉષા કે તથા સંસ્થાકીય વિભાગમાં પંડ્યા વિનાયક બી, પરમાર પૂર્વી હિતેન્દ્રભાઈ તથા વાઘરી દિલીપ રમણભાઈનાં નામોની વિજેતા તરીકે જાહેરાત કરવામાં આવી છે.

વ્યાવહારિક કલાની સ્પર્ધામાં કલાકાર વિભાગમાં ગાંધી નમ્રતા કિરણભાઈ અને પટેલ ગોપાલભાઈ બી તથા સંસ્થાકીય વિભાગમાં વેકરીયા કૃણાલ વી, રાવળ વિજયકુમાર બાબુભાઈ તથા યાદવ ક્રિષ્નકાન્ત દિનેશભાઈનાં નામો વિજેતા તરીકે જાહેર કરવામાં આવ્યાં છે.

છબીકલાની સ્પર્ધામાં કલાકાર વિભાગમાં સુરેશ પારેખ, ભટ્ટ જતીન ભાઈલાલભાઈ, પટેલ મોહનભાઈ હરિભાઈ અને કારીયા પુનીત જયેન્દ્રભાઈ તથા સંસ્થાકીય વિભાગમાં પટેલ કનીષા નિલેષ રામીના કમલેશ નારાયણદાસ તથા સિદ્ધપુરા માનસીનાં નામ વિજેતા તરીકે જાહેર કરવામાં આવ્યાં છે.

### વિરમગામ-સુરેન્દ્રનગર વચ્ચે ટેકનિકલ કામગીરી

## એક્સપ્રેસ ટ્રેનોમાં ફેરફાર

અમદાવાદ, તા. ૨૮

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર વિરમગામ-સુરેન્દ્રનગરના વચ્ચે ટેકનિકલ કામ હાલમાં ચાલી રહ્યુ છે જેના પરિણામ સ્વરૂપે આવતીકાલે આ રૂટની ટ્રેનોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ કામગીરીના કારણે રેલવે દ્વારા નીચે મુજબની પ્રવાસી તેમજ એક્સપ્રેસ ટ્રેનોમાં બદલાવ કરવામાં આવ્યો છે.

૧. ટ્રેન સંખ્યા ૫૯૫૦૩ વિરમગામ-ઓખા સવારી ગાડી તા. ૨૯.૧૨.૧૨ના વિરમગામ-સુરેન્દ્રનગરના વચ્ચે આંશિક રદ કરવામાં આવી છે.

૨. ટ્રેન સંખ્યા ૫૯૫૦૪ ઓખા-વિરમગામ સવારી ગાડી તા. ૨૯.૧૨.૧૨ના સુરેન્દ્રનગર સુધી ચાલશે તથા પરતમાં ટ્રેન નંબર ૫૯૫૦૩ વિરમગામ-ઓખા સવારી ટ્રેન તા. ૨૯.૧૨.૧૨ના સુરેન્દ્રનગરથી ઓખા સુધી ચાલશે. બંને ટ્રેનો સુરેન્દ્રનગર-વિરમગામના વચ્ચે આંશિક રદ કરવામાં આવી છે.

૩. ટ્રેન સંખ્યા ૧૯૧૧૯ અમદાવાદ-સોમનાથ ઈન્ટરસિટી એક્સપ્રેસને ૨૯.૧૨.૧૨ના રોજ અમદાવાદ-સુરેન્દ્રનગરના વચ્ચે આંશિક રદ કરવામાં આવી છે.

૪. ટ્રેન સંખ્યા ૧૯૧૨૦ સોમનાથ-અમદાવાદ ઈન્ટરસિટી એક્સપ્રેસને ૨૯.૧૨.૧૨ના રોજ સુરેન્દ્રનગર સુધી ચાલશે તથા ટ્રેન સંખ્યા ૧૯૧૧૯ અમદાવાદ-સોમનાથ એક્સપ્રેસ ૨૯.૧૨.૧૨ના સુરેન્દ્રનગર સ્ટેશનથી સોમનાથ સુધી ચાલશે.

### કોંગ્રેસ સૌથી જુનો પક્ષ છે : શક્તિસિંહ

# લોકસભાની ચૂંટણી માટે કામે લાગવાનું કાર્યકરોને આહવાન

અમદાવાદ, તા. ૨૮

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષની સ્થાપનાને ૧૨૭ વર્ષ પૂર્ણ થઈ ૧૨૮ વર્ષમાં પ્રવેશ કર્યો તે અંગે રાજીવ ગાંધી ભવન, અમદાવાદ ખાતે આયોજીત કાર્યક્રમમાં કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાનો શક્તિસિંહ ગોહિલ, શંકરસિંહજી વાઘેલા, સિદ્ધાર્થભાઈ પટેલ અને સાંસદ પ્રવિણ રાષ્ટ્રપાલે દિપ પ્રાગટ્ય કર્યું હતું.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડિયાએ કોંગ્રેસ પક્ષના સ્થાપના દિન તથા સેવાદળના સ્થાપના દિન નિમિત્તે કાર્યકરો અને આગેવાનોને શુભેચ્છા પાઠવી હતી. કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાન શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ૭૨ વ્યક્તિઓએ મુંબઈમાં એકત્ર થઈને ૧૨૭ વર્ષ પહેલા પક્ષની સ્થાપના કરી હતી. કોંગ્રેસ પક્ષ એ માત્ર સૌથી જૂનો પક્ષ છે એવું નથી પરંતુ સૌથી વધુ યુવા નેતાઓ આપનાર પક્ષ છે. સત્તા પ્રાપ્ત કરવા માટે ચૂંટણી લડવી કે રાજનીતિ કરવી તે કોંગ્રેસ પક્ષની વિચારધારા નથી, સામાજિક ઉત્થાન, આર્થિક પ્રગતિ અને વિકાસ જેવા સિદ્ધાંતોને વરેલો કોંગ્રેસ પક્ષ છે. કોંગ્રેસ પક્ષ આઝાદી માટે અંગ્રેજો સામે લડતા થાક્યો નહોતો તો ભાજપા સામે આગળ પણ બમણી તાકાતથી લડતો રહેશે તેવો હુંકાર કરીને ઉપસ્થિત કોંગ્રેસીજનોમાં ઉત્સાહ પૂર્યો હતો. તેમણે શખ્સ નહીં પણ પક્ષ મહાનની વાત કરી હતી. કોંગ્રેસમાં સામેલ દરેક સૈનિક તરીકે કામ કરશે તો પક્ષ હજુ પણ વધારે તાકાતથી ઉભરી આવશે. ગુજરાત પ્રજા વિકાસ દર્શન-૨૦૧૨ અંતર્ગત કોંગ્રેસ પક્ષે રજૂ કરેલા મુદ્દાઓ અને બાબતોને ભાજપાએ તેના ચૂંટણી ઢંઢેરામાં સામેલ કરવા પડ્યા છે તેમ જણાવ્યું હતું. માત્ર ૨૦૧૨ની ગુજરાત વિધાનસભાની ચૂંટણી પક્ષનું ધ્યેય નથી તેમ કહી ૨૦૧૪માં આવનાર લોકસભાની ચૂંટણી માટે કામે લાગી જવા આહવાન કર્યું હતું.

કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાન શંકરસિંહ વાઘેલાએ કોંગ્રેસ પક્ષના ૧૨૮મા સ્થાપના દિન પ્રસંગે કોંગ્રેસના આગેવાનો, હોદ્દેદારો અને કાર્યકરોને શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષે દેશને નવી રોશની આપવાનું કામ કર્યું છે. ગરીબોના ઉત્થાન માટે અને આમ આદમીને તેનો હક્ક અને અધિકાર પ્રાપ્ત થાય તે દિશામાં કામ કરતી રહી છે. શંકરસિંહ વાઘેલાએ વધુમાં જણાવ્યું હતું કે, માળાના મણકાની જેમ ફરતા રહેવાથી કોંગ્રેસ પક્ષ વધુ મજબૂતાઈથી ઉભરી આવશે તેમ કહી ઉપસ્થિત કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોના ઉત્સાહ અને જોમમાં વધારો કરી ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી માટે તથા સ્થાનિક સ્વરાજ્યની આવનારી ચૂંટણીઓ માટે અત્યારથી કામે લાગી જવા આહવાન કર્યું હતું. કોંગ્રેસના આગેવાન સિદ્ધાર્થભાઈ પટેલે જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષનો ઈતિહાસ ગૌરવપૂર્ણ રહ્યો છે. આઝાદીની લડાઈમાં કોંગ્રેસ પક્ષે લોહી રેડીને કામ કર્યું છે. અને આઝાદી મળ્યા બાદ દેશના વિકાસ માટે સતત કાર્યરત રહી છે. ગાંધીજીની મારા માટે મારો સંદેશની વાત કહી કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોને તેવી કામગીરી કરવા માટે અપીલ કરી હતી. એઆઈસીસીના મંત્રી અને સાંસદ પ્રવીણ રાષ્ટ્રપાલે સંબોધન કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ એ સમાજવાદી પક્ષ છે, બિનસાંપ્રદાયિક પક્ષ છે. બધા વર્ગના લોકો આ પક્ષમાં સામેલ છે જેથી આ પક્ષ ૧૨૭ વર્ષ પ્રગતિ કરી ૧૨૮મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યો છે તે બદલ સૌ કોંગ્રેસીજનોને અભિનંદન પાઠવી શુભેચ્છા આપી હતી.

પીટીશન, પ્રોટેકટ, બિનસાંપ્રદાયિક અને હવે આમ આદમીના સુત્રને સાથે રાખી પક્ષ આગળ વધી રહ્યો છે. કોંગ્રેસ પક્ષે ગરીબો, દલિતો, આદિવાસીઓ માટે કામ કર્યું છે. અસ્પૃશ્યતાના નિવારણ માટે તેમને માન મળે તે હજુ પણ વધારે મજબૂતાઈથી કામ કરવા આહવાન કર્યું હતું.

# વડોદરામાં પોલીસ અને એસીબીના બોગસ કાર્ડ બનાવવાનું કૌભાંડ ઝડપાયું

વડોદરા, તા. ૨૮

કરોડીયા બાજવા રોડ પર આવેલ ફોટો સ્ટુડિયોનો માલિક રૂપિયા લઈ યુવાનોને પોલીસ મિત્ર તથા એન્ટી કરપ્શન બ્રાંચના બોગસ ઓળખપત્રો બનાવી આપવાનો કૌભાંડ ચલાવે છે તેવી બાતમીને આધારે પોલીસે સ્ટુડિયો પર છાપો મારી સ્ટુડિયોના માલિક તથા એક ગ્રાહકને ઝડપી પાડ્યા હતાં. પોલીસે કમ્પ્યુટર, બે મોબાઈલ ફોન, સ્કેનર મળી કુલ ૩૧ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઝડપાયેલા બન્ને જણાને જવાહરનગર પોલીસને હવાલે કર્યા હતાં.

શહેરના ગોરવા વિસ્તારની ઉદયપાર્ક સોસાયટીમાં રહેતા ધર્મેશ બચુભાઈ રાણા કરોડિયા-બાજવા રોડ પર ક્રિષ્ણા નામનો ડિઝિટલ ફોટો સ્ટુડીયો ધરાવે છે. તે પોતાના સ્ટુડિયોમાં ફોટા પાડવાના ધંધા સાથે કમ્પ્યુટર પર એફઓફી (પોલીસ મિત્ર) તથા એસીબી એન્ટી કરપ્શન બ્યુરોના રૂપિયા લઈ બોગસ ઓળખકાર્ડ બનાવી આપે છે તેવી બાતમી પીસીબીના પો.ઈ. જી.બી. ચૌધરીને મળી હતી. આ બાતમીને આધારે ચૌધરીએ પોતાના સ્ટાફ સાથે સ્ટુડિયોમાં છાપો માર્યો હતો.

પોલીસે તપાસ કરતાં સ્ટુડિયોમાં બોગસ ઓળખકાર્ડ બનાવવા આવેલ ઈલ્યાસ ઉર્ફે અબ્બાસ અલાઉદ્દીન નિયાત (રહે. નહેરૂપાર્ક સોસાયટી, નવી મસ્જિદ પાસે, ઉડેરા)ને ઝડપી પાડ્યો હતો. સ્ટુડિયોમાં તપાસ કરતાં ૧૫થી ૨૦ જેટલા એફઓપી તથા એસીબીના બોગસ ઓળખકાર્ડ મળી આવ્યા હતાં. જેને પગલે પોલીસે ટીવી, કોમ્પ્યુટર, બે મોબાઈલ ફોન મલી કુલ રૂા.૩૧ હજારનો મુદ્દા માલ કબજે કરી બન્ને જણાની ધરપકડ કરી જવાહરનગર પોલીસને સોંપ્યા હતાં.

પોલીસની પૂછપરછમાં ધર્મેશે જણાવ્યું હતું કે ટોલટેક્સ બચાવવા તથા લોકોની ઉપર ખોટો રોફ મારવા માગતા યુવાનો પાસેથી રૂા૧ હજાર જેટલી રકમ લઈ તેમને બોગસ ઓળખકાર્ડ બનાવી આપતો હતો. અત્યાર સુધીમાં કોને કોને ઓળખકાર્ડ બનાવી આપ્યા છે તેમજ કોના કોના ઓળખકાર્ડ બનાવવાના હતાં તે લોકોની વિગતો મેળવવા પોલીસે રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

## તડામાર તૈયારી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

છે. હેલીપેડ, કલ્ચરલ ફોરમ ગરબા ગ્રાઉન્ડથી લઈ ટાઉનહોલની પાર્કીંગ લાઈટ પણ પ્રદર્શન માટે આવરી લેવામાં આવી છે.

વધુમાં એક્ઝીબિશનના સ્થળે એસી ફીટ કરા પણ કોન્ટ્રાક્ટ આપી દેવાયો છે. પ્રદર્શનના સ્થળને વાતાનુકૂલિત બનાવવા ૨૦ હજાર ટન એસીનો ઉપયોગ થાય તેવો અંદાજ છે. આગામી તા. ૬ જાન્યુઆરી સુધીમાં આ તમામ કામગીરી પૂર્ણ કરી દેવાશે. ત્યારબાદ તા. ૮ જાન્યુઆરીથી પ્રદર્શન મુલાકાતીઓ માટે ખુલ્લું મુકાશે.

**ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ**
'વિદ્યાયન', સેક્ટર-૧૦એ, ગાંધીનગર

**ટેન્ડર નોટીસ**

કચેરીના ઝેરોક્ષિંગ અંગેની વર્ષ ૨૦૧૨-૧૩ની કામગીરી માટે વાર્ષિક કોન્ટ્રાક્ટ કરવાનો હોવાથી રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી સીલબંધ કવર્સમાં ભાવ મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ કચેરીના ચાલુ દિવસો દરમિયાન તારીખ : ૨૯/૧૨/૨૦૧૨ સમય : ૫-૩૦ સુધીમાં રૂ. ૧૦૦/- રોકડા (નોંન રિફંડેબલ) કચેરીમાં જમા કરાવી મેળવી શકાશે અને ભરેલા ટેન્ડર ફોર્મ તારીખ : ૧૬/૧/૨૦૧૩ સમય : ૪-૦૦ સુધીમાં સ્વીકારવામાં આવશે. ટેન્ડર કવર ઉપર 'નકલદીઠ ઝેરોક્ષિંગ કામગીરીના ભાવ' એમ લખી સીલબંધ કવરમાં કચેરીને પહોંચતા કરવાના રહેશે.

**માહિતી/૧૮૫૬/૧૨-૧૩** **નિયામક**